# વિશ્વવિહાર

વર્ષ : 16 * અંક 10 * જુલાઈ 2014 * કિં ₹ 10



ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સ્થાપક પ્રમુખ અને માર્ગદર્શક શ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ



મૃણાલિની સારાભાઈને શ્રી ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ
અર્પણ કરતા નારાયણ દેસાઈ

**શ્રી ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ અર્પણવિધિ અને શ્રી ધીરુભાઈ ઠાકર વિશેના સ્મરણલેખોના સંગ્રહ 'સવ્યસાચી : સ્મરણદીપના પ્રકાશમાં' પુસ્તકના વિમોચનનો હેવાલ આગામી અંકમાં પ્રસિદ્ધ થશે.**



'સવ્યસાચી : સ્મરણદીપના પ્રકાશમાં' પુસ્તકનું વિમોચન

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી કુમારપાળ દેસાઈ, પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૮/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : ભગવતી ઑફસેટ, બારડોલપુરા, દરિયાપુર દરવાજા બહાર, અમદાવાદ ૩૮૦ ૦૦૪

•

email : vishvakoshad1@gmail.com • www.vishwakosh.org

છૂટક કિંમત રૂ. ૧૦/-, વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦/-

લવાજમ : 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ.ઓ.થી જ મોકલવું.

[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

# સત્ત્વશીલ માર્ગદર્શકની વિદાય

શ્રેષ્ઠીવર્ય શ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈના અવસાનથી ગુજરાતની ભવ્યોજ્જ્વલ મહાજન-પરંપરાનો અસ્ત થયો હોય તેવી અનુભૂતિ થાય છે. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સ્થાપનાકાળથી એના પ્રમુખ તરીકે કાર્યરત એવા શ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈએ આ સંસ્થાના વિકાસમાં મૂલ્યવાન પ્રદાન કર્યું છે. ગુજરાતી ભાષામાં વિશ્વકોશ કરવાની પ્રવૃત્તિનો પ્રારંભ થયો, ત્યારે વીસનગરના કર્મયોગી અને ગાંધીવાદી લોકસેવક શ્રી સાંકળચંદભાઈ પટેલ, મુરબ્બી શ્રી ધીરુભાઈ ઠાકર અને હું ૧૯૮૪ની એક સાંજે શ્રેણિકભાઈને મળવા માટે પાનકોરનાકાને વંડે આવેલી એમની ઑફિસે ગયા. અમારી ઇચ્છા હતી કે શ્રેણિકભાઈ આ સંસ્થાના ટ્રસ્ટી બનીને એનું પ્રમુખપદ શોભાવે. સાંકળચંદભાઈ પટેલે એમની લાક્ષણિક ઢબે શ્રેણિકભાઈને 'શેઠ' શબ્દથી સંબોધીને વાત કરી. જોકે વીસનગરના સમગ્ર વિસ્તારમાં સાંકળચંદભાઈ પટેલને લોકો 'શેઠ' તરીકે ઓળખતા હતા ! ધીરુભાઈએ જ્ઞાનસાધન તરીકે ગુજરાતી વિશ્વકોશના મહત્ત્વ વિશે કહ્યું અને શ્રેણિકભાઈએ એમની શૈલી મુજબ સંસ્થાની આર્થિક સ્થિતિની જાણકારી માગી.

અમે કહ્યું કે અમારી પાસે હાલ તેર લાખ રૂપિયાનું ભંડોળ છે. એમણે વળતો સવાલ કર્યો, 'આ કામ પૂરું થાય ત્યાં સુધીમાં કેટલી રકમની જરૂર પડે ?'

'અંદાજે પોણા ત્રણ કરોડ.'

અને શ્રેણિકભાઈ એકદમ બોલી ઊઠ્યા, 'થાય નહીં. અશક્ય. તમે તો રેતીમાં વહાણ ચલાવવા નીકળ્યા છો !'

એમની સાથેના આત્મીય સંબંધને કારણે મેં જરા હળવાશથી કહ્યું, 'શ્રેણિકભાઈ, આપ પાણીમાં ચાલતા વહાણમાં બેઠા છો, હવે એકાદ વખત આ રેતીમાં ચાલતા વહાણમાં પણ બેસો તો ?'

એમના મનમાં હજી દ્વિધા પ્રવર્તતી હતી. ધીરુભાઈએ એમના પિતાશ્રી કસ્તૂરભાઈ લાલભાઈનું જીવનચરિત્ર 'પરંપરા અને પ્રગતિ (૧૯૮૦)' લખેલું હોવાથી ધીરુભાઈ પ્રત્યે શ્રેણિકભાઈને સાહજિક આદર અને અહોભાવ હતો. મારા પિતાશ્રી જયભિખ્ખુ તથા એમના ભાઈ શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ સાથેના સંબંધને કારણે અને ઘણી સંસ્થાઓ અને કાર્યક્રમોમાં એમની સાથે હોવાને લીધે મારા પ્રત્યે સ્નેહ હતો. આથી અંતે એમણે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનું પ્રમુખપદ સ્વીકાર્યું.

ટ્રસ્ટ તો સ્થાપ્યું, પણ વિશ્વકોશનું નિર્માણ ક્યાં કરવું ? એનું કાર્યાલય ક્યાં ? નવાસવા વિશ્વકોશ ટ્રસ્ટ પાસે કોઈ જગા નહોતી કે માતબર રકમનું ભંડોળ નહોતું, એ સમયે શ્રેણિકભાઈએ સૂચવ્યું કે અમદાવાદ એજ્યુકેશન સોસાયટીની એચ. એલ. કૉલેજ ઑવ્ કૉમર્સની હૉસ્ટેલના કમ્પાઉન્ડમાં હૉસ્ટેલમાં રહેલા વિદ્યાર્થીઓની 'મેંસ' હતી. હૉસ્ટેલ






હોવાથી વર્ષોથી રસોઈઘર પણ બંધ પડ્યું હતું. શ્રેણિકભાઈએ એ મકાન અમને આપ્યું. એના મોટા ચૂલાઓ અમે માટીથી પૂર્યા. ભીંત પરનાં ગાબડાંમાં પ્લાસ્ટર કરાવ્યું, રંગરોગાન કરાવ્યાં. ગુજરાતના પીઢ ગાંધીવાદી સામાજિક કાર્યકર શ્રી સાંકળચંદભાઈ પટેલ વીસનગરથી મજૂરો લઈને આવ્યા અને મકાનની બાજુમાં ટૉઇલેટ વગેરે તૈયાર કરાવ્યાં.

આ મકાન અમને મળ્યું, પણ એની સાથોસાથ શ્રેણિકભાઈએ અમદાવાદ એજ્યુકેશન સોસાયટીને કેટલીક બાંયધરી લખીને આપવાનું કહ્યું. બંને સંસ્થાઓને સમાન ગણીને ક્યાંય કોઈને સહેજે અન્યાય ન થાય, એ માટેની ચીવટ આ લખાણમાં નજરે પડી.

૧૯૮૫ની ૨જી ડિસેમ્બરે આ મકાનમાં ગુજરાતી વિશ્વકોશની પ્રવૃત્તિનો પ્રારંભ થયો. ૧૯૮૬ની ૨૭મી માર્ચે વિશ્વકોશના આ મકાનમાં શ્રેષ્ઠીવર્ય શ્રેણિકભાઈના પ્રમુખપદે સંસ્થાની પ્રથમ મિટિંગ યોજાઈ. એ સમયે ગજ્જર હૉલમાં અમે વિશ્વકોશના ગ્રંથોનો વિમોચન સમારોહ યોજતા હતા. આ બધા પ્રસંગોએ શ્રેણિકભાઈ આવે, વિશ્વકોશની પ્રવૃત્તિનો ખ્યાલ આપવાની સાથોસાથ સંસ્થાના પ્રમુખ તરીકે સહુનું સ્વાગત કરે. એ હોય એટલે કાર્યક્રમ સમયસર શરૂ થાય. વળી કાર્યક્રમ પૂર્ણ થયે તરત બે હાથ જોડીને વિદાય લઈ લે.

શ્રી શ્રેણિકભાઈએ જુદાં જુદાં ટ્રસ્ટોમાંથી આપેલી સહાયને પરિણામે ગુજરાતી વિશ્વકોશનો ત્રીજો ખંડ ગુજરાતની અસ્મિતાના ધારક શ્રેષ્ઠીવર્ય શ્રી કસ્તૂરભાઈ લાલભાઈને સાદર સમર્પિત કરવામાં આવ્યો. એ સમયે આ ગ્રંથનું વિમોચન ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ચીમનભાઈ પટેલે કર્યું હતું.

સંસ્થાનો ઑડિટેડ રિપોર્ટ ફાઇનલ કરતાં પહેલાં દર વર્ષે શ્રેણિકભાઈને મોકલતો હતો. એ સાથે જણાવતો કે તેઓ કહે ત્યારે હિસાબનીશ એમને મળી જાય. 'અક્ષય'ની ઑફિસમાં હિસાબનીશો જતા અને શ્રેણિકભાઈ એમની પાસેથી વિગતો માગતા; એટલું જ નહીં, પણ જરૂર હોય તો ઑડિટર સાથે વાત પણ કરતા. આને કારણે બનતું એવું કે ટ્રસ્ટની મિટિંગમાં ઑડિટેડ એકાઉન્ટ પસાર કરવાનું કામ થોડી મિનિટોમાં જ પૂર્ણ થઈ જતું અને એ પછી સંસ્થાના ભાવિ વિકાસના કાર્યક્રમોની ચર્ચા કરતા.

સંસ્થાની મિટિંગ હોય ત્યારે હંમેશાં દસેક મિનિટ વહેલા આવે, સમયસર કાર્યવાહી શરૂ થાય. મુખ્ય મુદ્દાઓ પર વાત કરે, સંસ્થાની આર્થિક સ્થિતિની સમીક્ષા કરે, એની મુશ્કેલી હોય તો એમાં માર્ગ ચીંધે. માળી જેમ બગીચાની માવજત કરે, તે રીતે તેઓ સંસ્થાની માવજત કરતા હતા. વિશ્વકોશ સંસ્થાના પ્રારંભે એમણે પહેલી વાત એ કરી કે મેઇન્ટેનન્સ ફંડમાં સારી એવી રકમ મૂકી દો, જેથી ભવિષ્યમાં સંસ્થાને એનાં રોજિંદાં કામોમાં મુશ્કેલી ન પડે. એમની આ સલાહ અમારે માટે 'સોનેરી' સિદ્ધ થઈ.

સંસ્થાને માટે લાગણી પણ એટલી જ ! નિરાશાજનક પરિસ્થિતિ હોય, તો એનો સ્વીકાર કરે, પણ નકારાત્મક અભિગમ ક્યારેય નહીં. એને માટે ઉપાયો બતાવે અને જરૂર પડ્યે પોતે એમાં મોખરે રહે. એને માટે જરૂર પડે સમય આપે. લીધેલું કાર્ય પૂર્ણ થયે જ એમને નિરાંત થતી. એ માનતા કે ભલે સમય આપણો હોય; પણ તે બીજા માટે છે. કર્મ કે ઋણાનુબંધ ગમે તે હશે, પણ આપણે કર્તવ્ય તો નિભાવવાનું છે. હિસાબ પાઈનો અને બક્ષિસ લાખની એ શ્રેણિકભાઈમાં જોવા મળતું. એક વાર એમને એક પત્ર મોકલ્યો. એમાં એમને લખેલા પત્રની પાછળ એક કોરો કાગળ રહી ગયેલો. તરત જ એમનો ફોન આવે કે લખેલા પત્રની પાછળ એક કોરો કાગળ કેમ છે ?

સંસ્થાની મિટિંગ સમયે એમની નાની સેન્ટ્રો કારમાં ડ્રાઇવરની સીટ પાસે બેસીને આવતા. પચીસ-ત્રીસ મિનિટમાં તો મિટિંગ પૂર્ણ થઈ જતી. આ મિટિંગ દરમિયાન નાસ્તો તો શું, પણ ચા પીવાની ય વાત નહીં. મુદ્દાઓ પૂરા થાય એટલે બે હાથ જોડીને ખુરશીમાંથી ઊભા થઈને સહુની રજા લે. એમને આવકારવા માટે કોઈ બહાર ઊભું રહે તે ન ગમે અને એ જ રીતે એમને વિદાય આપવા માટે છેક સુધી કોઈ મૂકવા આવે, તે પણ પસંદ નહીં.

ઉસ્માનપુરા વિસ્તારની આશરે ૨૭૨૬ વાર જમીન ટ્રસ્ટને મળી શકે તેમ હોવાથી શ્રી શ્રેણિકભાઈએ અંગત રસ લઈને એ જમીન સંપાદિત કરવા માટે મને પ્રયત્ન કરવા કહ્યું. કલેક્ટરથી માંડીને છેક નાણામંત્રી સુધી સહુને મળ્યા. સંસ્થાને આવી મોકાની જમીન મળી, તેમાં શ્રેણિકભાઈનો સિંહફાળો રહ્યો. એ વિશાળ જમીન પર વિશ્વકોશ ભવનનું નિર્માણ થયું અને એના નામકરણનો વિચાર ચાલ્યો, ત્યારે અમે સહુએ એનું



નામ 'શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ વિશ્વવિદ્યા સંકુલ' રાખવું એવું નક્કી કર્યું. શ્રેણિકભાઈએ એને માટે ઉદારતાથી સહાય પણ આપી.

૧૯૯૪ના ડિસેમ્બર મહિનામાં ગુજરાત સમાચારના 'ઈંટ અને ઇમારત' કૉલમમાં શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ વિશે એક લેખ લખ્યો અને લખ્યું કે કસ્તૂરભાઈની જન્મશતાબ્દીનો પ્રારંભ થઈ ચૂક્યો છે. કસ્તૂરભાઈનો જન્મ ૧૮૯૪ની ૧૯મી ડિસેમ્બરે થયો હતો. શ્રેણિકભાઈનો ફોન આવ્યો કે હજી પપ્પાની જન્મશતાબ્દીને તો વાર છે. મેં વિનમ્રતાથી કહ્યું કે ના, નવ્વાણું વર્ષ પૂરાં થયાં છે અને એકસોમું વર્ષ શરૂ થયું છે. અને પછી એમને સૂચન કર્યું કે આ જન્મશતાબ્દી નિમિત્તે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં 'શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ વિદ્યાવિસ્તાર ગ્રંથશ્રેણી'નો પ્રારંભ કરીએ, જેના દ્વારા ઉમદા ગ્રંથો પ્રગટ થાય. એમણે મારું આ સૂચન સ્વીકાર્યું. પાંચ લાખ રૂપિયાનું દાન મોકલી આપ્યું. આજે 'શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ ગ્રંથશ્રેણી' દ્વારા બાર જેટલા ગ્રંથો પ્રગટ થઈ ચૂક્યા છે અને તે પ્રવૃત્તિ અનવરત ચાલુ છે.

છેલ્લાં વર્ષોમાં ઘણી સંસ્થાઓમાંથી એમણે નિવૃત્તિ લીધી. વિશ્વકોશમાં આવે એટલે અમને કહે કે મેં મોટા ભાગની સંસ્થાઓમાંથી નિવૃત્તિ લઈ લીધી છે. અહીંથી પણ તમે મને નિવૃત્ત કરો. હવે પંચ્યાસી વર્ષ થયાં.

આ સાંભળતાં જ ધીરુભાઈ બોલી ઊઠે, 'મને નેવું થયાં. નિવૃત્તિનું નામ ન લેવાય !' અને શ્રેણિકભાઈ જીવનપર્યંત ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના પ્રમુખપદે રહ્યા. ૨૦૧૪ની ૨૪મી જાન્યુઆરીએ શ્રી ધીરુભાઈ ઠાકરનું અવસાન થયું. એમના સ્મૃતિગ્રંથ 'સવ્યસાચી : સ્મરણદીપના પ્રકાશમાં' માટે ધીરુભાઈ વિશે એક લેખ માગ્યો અને એમણે પિતાશ્રીના જીવનચરિત્રના લેખક તરીકે અને વિશ્વકોશના શિલ્પી તરીકે ધીરુભાઈ ઠાકરને અંજલિ આપી અને અંતે લખ્યું, 'આજે ભલે તેઓ આપણી વચ્ચે નથી, પણ વિશ્વકોશની પ્રવૃત્તિની જલતી મશાલ આપણને સદાય એમનું પુણ્યસ્મરણ કરાવતી રહેશે.'

શ્રી શ્રેણિકભાઈએ ધીરુભાઈ વિશે અંતે લખેલું વાક્ય એમને માટે પણ એટલું જ યથાર્થ છે. છેલ્લા એકાદ વર્ષથી શ્રેણિકભાઈએ બીમારી ભોગવી. એમના અવસાન પૂર્વે થોડા દિવસ અગાઉ એમને મળવા ગયો, ત્યારે એમણે વિશ્વકોશની પ્રવૃત્તિની સઘળી વિગત પૂછીને સાહજિક પ્રસન્નતા વ્યક્ત કરી. શારીરિક વેદના હોવા છતાં ઉલ્લાસભેર કલાકેક વાત કરી. રોગનો એમના પર કોઈ ભાર નહોતો. શારીરિક પીડાની પરેશાનીનો કોઈ અણસાર નહોતો. એમણે તો એમની હૃદયસ્થ ધર્મભાવના પ્રમાણે કહ્યું, 'હું મારાં કર્મોની નિર્જરા કરી રહ્યો છું.' એમનો જીવનદીપ બુઝાતો હતો, ત્યારે સેવા-શુશ્રૂષામાં ખડે પગે રહેલાં અંગત સ્વજનોને ખંડની બહાર ચાલ્યા જવા ઇશારો કર્યો. પોતાની વેદના પોતે ભોગવવા ચાહતા હતા. એ નિહાળીને આપ્તજનો દુઃખી થાય તેવું ઇચ્છતા નહોતા.

**(અનુસંધાન ચૌદમા પાને)**

# આતંકવાદની અગનઝાળ

સદ્દામ હુસેનને ફાંસીએ દીધા પછી પણ ઇરાકની બાબતમાં અમેરિકાને શાંતિ મળી નથી કે નથી તો ઇરાકને સુશાસન પ્રાપ્ત થયું. ઇસ્લામિક સ્ટેટ ઑવ્ ઇરાક ઍન્ડ સીરિયા (ISIS) નામનું આતંકવાદી સંગઠન સીરિયાની સરહદેથી ઇરાકમાં પ્રવેશી તેને રગદોળી રહ્યું છે. એક વર્ષનું આયુ ધરાવતું આ જૂથ અલ્કાયદાથી સવાયું આતંકવાદી છે. ઇસ્લામ ધર્મના સુન્ની સંપ્રદાયને વરેલું ઇસિસ વ્યાપક મહત્ત્વાકાંક્ષા ધરાવે છે. સાથોસાથ તે ઝડપથી કામિયાબી હાંસલ કરવા ચાહે છે. અલ્કાયદામાંથી અલગ પડેલા સુન્ની આતંકવાદીઓને શિયા શાસકો ધરાવતા ઇરાકનું શાસન અમાન્ય છે. ઇરાકના વડાપ્રધાન નૌરી અલ્ મલિક અને ત્યાંના શિયાઓ તેનું પ્રાથમિક લક્ષ્યાંક છે. નિર્દોષ શિયા હત્યાઓ દ્વારા તે ઇરાકનાં શહેરો કબજે કરે છે. ૨૦૦૩થી ઇરાકનું લશ્કર લગભગ ખતમ થયેલું છે, તેનું મનોબળ તૂટી ચૂકેલું છે તેથી લશ્કર, પ્રજા કે સરકારને રક્ષણ આપી શકે તેમ નથી, ઇસિસનો મુકાબલો કરી શકે તેમ નથી. ઈરાનના શિયા શાસકોએ ઇરાકને લશ્કરી સહાય મોકલી છે પણ ઇરાકના નબળા લશ્કરમાં એથી ઝાઝો ફરક પડી શકે તેમ નથી. આથી વાસ્તવમાં ઇરાકમાં ખોફનું સામ્રાજ્ય છે અને સરકાર, લશ્કર અને દુનિયા લાચાર અને નિઃસહાય છે. ઇસિસે બગદાદ સિવાય આખા ઇરાકનાં મહત્ત્વનાં નગરો કબજે કર્યાં છે. જો ઇસિસ બગદાદ કબજે કરે તો મધ્યપૂર્વમાં ભૂરાજકીય નકશો બદલાશે તેમજ ઇઝરાયલ–આરબ–ભારત સંબંધો પ્રભાવિત થશે.

આ સંદર્ભે ભારત બેવડી ચિંતામાં છે. ઇરાકના આ આંતરવિગ્રહથી ક્રૂડના વધતા ભાવોને કારણે આયાતો મોંઘી બની રહી છે. તેમજ હજારો ભારતીય નાગરિકો જે આ સંઘર્ષમાં ફસાયેલા છે તેમને રક્ષણ પૂરું પાડી ભારત પરત લાવવાના છે.

સર્વોપરિતા માટેનો આ શિયા-સુન્ની જંગ કાતિલ બની રહ્યો છે કારણ યુએન દરમિયાનગીરી કરી શકે તેવા સંજોગો રહ્યા નથી. આ સ્થિતિના પ્રત્યાઘાત રૂપે શિયાના વડાપ્રધાન અને ધર્મગુરુઓએ ધાર્મિક સ્થાનોની રક્ષા માટે હાકલ કરી છે, યુવાનોને શસ્ત્રસજ્જ કર્યા છે. બગદાદમાં શિયા બહુમતી છે ત્યાં નિર્દોષ સુન્ની યુવાનોની હત્યાનો સિલસિલો ચાલુ થયો છે. આથી જંગ વધુ ઉગ્ર બન્યો છે. ઑઇલ રિફાઇનરી જોખમમાં છે, બંને પક્ષો તેના પર કબજો કરવાનો દાવો કરે છે પરંતુ આ અંગે સ્થિતિ સ્પષ્ટ નથી.

આ સમગ્ર સંઘર્ષનો આશય એ છે કે આતંકવાદીઓ સ્થિર થવા માટે નક્કર વિસ્તાર રચવાનો ઇરાદો ધરાવે છે. સીરિયા અને ઇરાક – આ બે દેશોમાંથી કેટલોક ભૂભાગ હસ્તગત કરી નોખો ઇસ્લામિક દેશ રચવાની ખ્વાહિશ ધરાવે છે. દક્ષિણ સીરિયાના અલ્ રક્કાહથી લઈને ઉત્તર ઇરાકના સમારા શહેર સુધીનો પ્રદેશ કબજે કરી ઇસ્લામિક સ્ટેટ ઑવ્ ખોરાસાનની રચના કરવાનો આતંકવાદીઓનો ઇરાદો છે. ઇસિસનું લક્ષ્યાંક ઇરાક-સીરિયાનાં ૨૪ નગરો પર કબજો જમાવવાનું છે.

ઇસિસનો સર્વોચ્ચ કમાન્ડર અબુ બક અલ્ બગદાદી લાદેનનો અસલી વારસદાર છે. તેની સત્તાવાર તસવીર કોઈની પાસે નથી. તે અને ઇસિસ અમેરિકાને કાયમી દુશ્મન માને છે. અમેરિકા સ્વાર્થી હેતુઓથી પ્રેરાઈને હંમેશાં ઇસ્લામને ખતરામાં મૂકે છે કે ખતરો ઊભો કરતી પ્રવૃત્તિઓને ઉત્તેજન આપે છે. તેને પાકી ખાતરી છે કે અમેરિકા ઇસ્લામ વિરોધી છે. આ કડવાશ–ધિક્કાર અને પાકા અવિશ્વાસને કારણે અહીં યુએનની કોઈ ભૂમિકા શક્ય નથી. વળી ઇસિસની આ માન્યતાઓને ઇસ્લામધર્મીઓનું બહોળું પીઠબળ સાંપડ્યું છે. આ સંદર્ભે જો ઇસિસ સફળ થાય તો તેનો વ્યાપ અન્ય દેશો સુધી પહોંચે તો સ્થાનિક કે પ્રજાકીય વિગ્રહનો વ્યાપ વિસ્તરે એમ બને.

ખનિજતેલના મબલખ ભંડારો ધરાવતા દેશોમાં ભરચક ચંચુપાત કરવાની અમેરિકાની (કુ)ટેવ જાણીતી છે. આવા દેશો અમેરિકાની જોહુકમીને પડકારે ત્યારે અમેરિકા તે દેશોના સત્તાપલટા માટે સક્રિય બની જાય છે. વ્યાપક ઊથલપાથલનો આશરો લઈને પણ તે ધાર્યું નિશાન પાર પાડે છે. લિબિયામાં કર્નલ ગદ્દાફી કે ઇરાકમાં સદ્દામ હુસેન અને સીરિયાના બશર અલ બદ્ર તેનાં દૃષ્ટાંતો છે. આ સ્થિતિમાં અમેરિકા સુન્ની આતંકવાદની ગુપ્તચર માહિતી મેળવવા ઉત્સુક છે. અલબત્ત, આ માટે હજુ થોડા સપ્તાહના સમયની તેને જરૂર છે. વધુમાં હાલમાં તે હવાઈ હુમલાનો ઇરાદો ધરાવતું નથી. ગુપ્તચર માહિતી માટે અમેરિકાએ ૩૦થી ૩૫ સર્વેલન્સ અને ડ્રોન વિમાનો કામે લગાડ્યાં છે. તેના ૩૦૦ જેટલા સૈનિકોને કામે લગાડી બગદાદમાં ઇરાક–યુ.એસ. જૉઇન્ટ ઑપરેશન સેન્ટર આ માટે શરૂ કરવામાં આવ્યું છે. ઇસિસની સક્રિયતા, તેના ઇરાદા, તેનો શસ્ત્ર-સરંજામનો જથ્થો વગેરે વિગતો અમેરિકા એકત્ર કરી રહ્યું છે. અમેરિકાની સક્રિયતાનો આધાર ઉપર્યુક્ત માહિતી પર રહેશે.

આમ શિયા–સુન્ની જંગ વ્યાપક બની રહ્યો છે. એક પ્રાદેશિક કટોકટી વૈશ્વિક બનવાની સંભાવના તરફ ગતિ કરી રહી છે. વળી એથી ઇરાકની અખંડિતતા સામે ભારે મોટો ખતરો ઊભો થયો છે. જે આખા પશ્ચિમ એશિયાના ક્ષેત્ર સુધી ફેલાઈ જવાની શક્યતા ધરાવે છે. ઇરાકનું સાર્વભૌમત્વ જોખમમાં છે. જો ઇસિસ આ કામમાં ધાર્યા નિશાન પાર પાડે તો આતંકવાદની અગનઝાળ નબળા અને નાના દેશોને ગ્રસી લે તેવી પાકી શંકા રહે છે.

**– રક્ષા મ. વ્યાસ**

# વિખ્યાત ચિત્રકાર, છાપસર્જક અને છબિકાર : જ્યોતિ ભટ્ટ

મોટા ગજાનો કળાકાર/સર્જક કળાકૃતિમાં પોતાના સમયને, પોતાની પરમ્પરાઓને કઈ રીતે બાથમાં લે છે, એ શું શું સ્વીકારે છે, શું શું પરિહારે છે, એ માટે કેવી પ્રયુક્તિઓ, કયા કયા કોણથી પોતાની સર્જનામાં પ્રયોજે છે, અને આવનારા સમય માટે કેવાં ઇંગિતો મૂકતો જાય છે એને આધારે એ કળાકારને પામવાની, મૂલવવાની શક્યતાઓ ખૂલતી હોય છે.

આજે, આવા મોટા ગજાના ચિત્રકાર, છાપ (પ્રિન્ટ) સર્જક અને છબિકાર જ્યોતિ ભટ્ટ વિશે થોડી વાતો વહેંચવા પ્રયત્ન કરીશ.

જ્યોતિ ભટ્ટનો જન્મ તેરમી માર્ચ ઓગણીસસો ચોત્રીસમાં, ભાવનગર પંથકમાં કર્મશીલ તરીકે જાણીતા એવા પિતા માનભાઈ અને માતા હીરાબહેનને ત્યાં ભાવનગરમાં થયો. નાનપણથી એમને ચિત્રકળા માટેની લગની લાગી હતી. એને પરિણામે બાર-ચૌદ વર્ષની ઉંમરે તત્કાલીન વાસ્તવને વ્યક્ત કરતું એક હરિજનનું કરેલું ચિત્ર વખણાયું પણ ખરું. એસ.એસ.સી. પછી, વડોદરામાં નવી જ સ્થપાયેલી ફાઇન આર્ટ્સ ફૅકલ્ટીમાં આરંભના (૧૯૫૦–૫૬) જૂથના વિદ્યાર્થી તરીકે જ્યોતિ ભટ્ટે પ્રવેશ મેળવ્યો. કે. જી. સુબ્રહ્મણ્યન્, એન. એસ. બેન્દ્રે, શંખો ચૌધરી આદિ કળાકાર–અધ્યાપકોના સંગમાં પાંખો ફફડાવતા ઘણા વિદ્યાર્થીઓને કળા તથા જગતને પામવાની દૃષ્ટિ પ્રાપ્ત થઈ. એ પછી ત્રણ દાયકાથી પણ વધુ સમય માટે જ્યોતિ ભટ્ટે એ જ સંસ્થામાં અધ્યાપન કરી ગુરુપરમ્પરાને દૃઢાવી, વિકસાવી.




જ્યોતિ ભટ્ટે અભ્યાસ દરમિયાન – ઓગણીસસો ચોપનમાં – લઘુચિત્રોના અંશો સાથે નિજી અભિવ્યક્તિ તરાહ મેળવી ‘કૃષ્ણલીલા’ ચિત્ર કર્યું, જેને ’છપ્પનમાં રાષ્ટ્રપતિનો સુવર્ણપદક પ્રાપ્ત થયો. એ પછી ’છપ્પનમાં કરેલા ચિત્ર ‘ભય’(કે ‘સ્વપ્ન ?’)માં ખૂણે ઊભેલાં સ્ત્રી અને બાળક તરફ ધસતા માતેલા સાંઢનું બળકટ અને ગત્યાત્મક આલેખન આજે પણ રસિકોની સ્મૃતિમાં સચવાયું છે. સાંઢની પૂંછડીના વળાંકવાળા ઉછાળમાં ને તેને છેડે પ્રગટેલું નાગનું પ્રતીકાત્મક નિરૂપણ મહત્ત્વનું છે. પરમ્પરાગત આલેખનમાંથી કળાકાર છૂટી રહ્યા છે એની સાહેદી આપતા આ ચિત્રને પણ પુરસ્કાર મળ્યો છે. ‘અઠ્ઠાવન-’સાઠની આસપાસ જ્યોતિ ભટ્ટે કરેલાં ‘દીવા’ શ્રેણીનાં ચિત્રોએ ભાવકો-વિવેચકોનું ધ્યાન ખેંચ્યું છે. દીવાની વિવિધ પ્રકારની–આકારની ચીમનીઓ તથા નીચેના ભાગના આકારો સાથે સ્ત્રી-પુરુષની આકૃતિઓ સૂચક રીતે એકાકાર થઈ નોખો દૃશ્યાનુભવ પ્રગટાવે છે. ‘સ્ટીલલાઇફ’ ગુચ્છનાં કેટલાંક ચિત્રોમાં રંગરેખાની સજીવતા માણવા મળે છે. ન્યૂયૉર્કમાં (’ચોસઠમાં)ના ‘પેટમાં પધરાવેલા પોપટવાળી બિલાડી’ના જળરંગ અને શાહીથી થયેલા ચિત્રનું શીર્ષક માત્ર ઘટનાનો નિર્દેશ નથી કરતું. ભાવક બિલાડીના પેટમાં પડેલો પોપટ જોઈ શકે એ રીતે કળાકારે આલેખન કર્યું છે. શરીરની અંદર અને બહારનું નિરૂપણ એ સમયે કદાચ નવું હતું. સાતમા દાયકામાં મલ્ટીપલ ઇમેજીસનો પ્રયોગ કરી જ્યોતિ ભટ્ટે રચેલાં ‘બંગલો આતમરામનો’ અને ઠઠ્ઠાના આછા સ્પર્શ સહિતનું, સપાટ નિરૂપણવાળું ‘જનમ જનમ કે હમ સાથી’ને કળાકારના ભવિષ્યમાં થનારાં ચિત્રો માટેની સબળ ભૂમિકા તરીકે આસ્વાદી શકાય એમ છે. ‘જનમ જનમ કે હમ સાથી’ની સંરચના એવી છે કે સ્ત્રી-પુરુષ (પ્રેમી-પ્રેમિકા) સામસામે છે. પુરુષ ચશ્માં અને મૂછોવાળો છે. એના તથા સ્ત્રીના ચહેરા પર આછો ઠઠ્ઠાનો ભાવ છે. બંને એક છત્રી નીચે નહીં, અલગ અલગ છત્રી નીચે છે. ચિત્રના આગળના ભાગમાં બંને બાજુએ લોકપ્રિય પ્રતીક બની ગયેલા દિલના આકારો ચીતરાયા છે એટલું જ નહીં, એ ‘દિલ’ જ છે એવી શાબ્દિક મહોર પણ એની ઉપર લાગી છે. અન્ય રંગોની સાથે જરા આગંતુક લાગતો રૂપેરી રંગ પણ ઠઠ્ઠાના ભાવને બહેલાવવામાં મદદરૂપ બને છે.

કળાપ્રદર્શનોમાં જતા મોટા ભાગના લોકો પાસે કળાકૃતિને માણવાની આંખ નથી કાં તો ધીરજ નથી. ચિત્ર, શિલ્પ, પ્રદર્શનોમાં એક આંટો મારી લોકો પ્રદર્શન જોયાનો મિથ્યા સંતોષ લઈ નીકળી જાય છે. આ સંદર્ભે જ્યોતિભાઈ કહે છે : ‘નવલકથાનાં પાનાં ફેરવી જવાથી નવલકથાનો આસ્વાદ લઈ શકાતો નથી. એનો આસ્વાદ લેવા આખી નવલકથામાંથી ધ્યાન અને ધીરજપૂર્વક પસાર થવું જ પડે. એ રીતે પંદર-વીસ મિનિટમાં ચિત્રો માણી શકાતાં નથી. ચિત્ર કે શિલ્પને માણવા માટે તેને ખૂણેખૂણેથી, ધ્યાનથી વાંચીએ તો જ તે આપણી સામે ખૂલે છે.’ આ વાત સૌ ભાવકોએ ગાંઠે બાંધવા જેવી છે.

ચિત્રકામ દરમિયાન જ્યોતિ ભટ્ટ છાપ–પ્રિન્ટ–તરફ અને છબિકળા તરફ પણ આકર્ષાયા છે. સિલ્ક સ્ક્રીન, લીનો કટ, વૂડ કટ, લીથોગ્રાફ, મૅટલ બ્લૉક જેવી વિવિધ છાપ-પદ્ધતિઓ અપનાવી તેમણે અનેક ઉત્તમ કૃતિઓ આપી છે. તેમનાં નોંધનીય છાપ-ચિત્રોમાં ‘દીવા’ શ્રેણી, ‘પોપટ અને સ્ત્રી’ ગુચ્છ, ‘ભ્રમિત પણ્ડિત’, ‘માણસ’, ‘ભૂરી માખી’,



ભ્રમિત પણ્ડિત

‘ભુલાયેલી ક્ષણ’, ‘યાત્રાનો આરંભ’ વગેરે છે. સેરિગ્રાફર અનિલ રેલિયાએ બે હજાર દસમાં દેશના જાણીતા નવ ચિત્રકારોની મર્યાદિત સંખ્યાની સેરિગ્રાફ પ્રિન્ટ્સનું પ્રદર્શન યોજ્યું હતું. એમાં જ્યોતિ ભટ્ટની ‘સ્ત્રી અને પોપટ’, ‘જલ-થલ-નભ’, ‘સ્ટીલ લાઇફ’, ‘ફોર એવર ટુગેધર’ અને ખાસ તો જાતની ઠઠ્ઠાના સ્પર્શવાળું ‘કળાકાર તરીકે હું’ સ્મરણે આવે છે. ‘ભ્રમિત પણ્ડિત’ અને ‘માણસ’ (ખાસ કરીને વિવિધ સંયોજનવાળા ‘માણસ’) વારંવાર છપાયાં છે.

આજ સુધીમાં હજારો છબિ લેનાર જ્યોતિ ભટ્ટ છબિકાર તરીકે પણ વિશ્વમાં પોંખાયા છે. એમનું લોકકળાના દસ્તાવેજીકરણનું કાર્ય છબિકલાના ઇતિહાસનો એક અવિસ્મરણીય અધ્યાય બની રહેશે. છબિકાર વિવેક દેસાઈએ ઉચિત રીતે નોંધ્યું છે : ‘એમની તસવીરો જોતાં ક્યાંય એવો પ્રશ્ન થતો નથી કે આ કયા કૅમેરાથી કે કયા લેન્સથી ખેંચાઈ હશે ? કદાચ આ વાત બહુ ઊંડાણવાળી છે. એમની તસવીરો જોતાં કોઈ પણ ભાવકના મનમાં ટૅક્નિકાલિટીની વાત ઊગે જ નહીં. આ વિજય એમની કળાદૃષ્ટિનો જ ગણી શકાય ને !’

જેમને ત્યાં જવાનું સામાન્ય રીતે આપણે ટાળ્યું છે એવા ગુજરાતના રાઠવા, હરિજન, આદિવાસીઓ તથા અન્ય પ્રદેશોના ઉપેક્ષિત લોકોની લોકકળા–સમ્પદાની છબિઓ જોતાં લંગોટીભેર, ઓછામાં ઓછી જરૂરિયાતોથી જીવતા નિખાલસ, પારદર્શક લોકો સાચા અર્થમાં કેટલા ‘સમૃદ્ધ’ હતા એનું ભાન થાય છે.

આ લોકોના ઘરની દીવાલો પર છૂંદણામાં, ભરતકામમાં ઉપસેલી ભાતો કેવી આત્મસૂઝથી, કેવા જીવનરસથી, કેવી ‘ધાર્મિકતા’થી ને કેવી સહજતાથી કરી છે તેનું જ્યોતિ ભટ્ટે કરાવેલું આચમન આપણને અ-પૂર્વ એવા સંવેદનવિશ્વમાં મૂકી આપે છે. આ ગરીબ, ઉપેક્ષિત પ્રજાને મન જીવન અને કળા, આપણી જેમ, અલગ હતાં જ નહીં.





જીવનરીતિ સાથે સહજપણે આ બધું જોડાયેલું હતું અને એટલે એમાં જીવનની સુવાસ હતી. નિરક્ષર કહેવાતી આ પ્રજાની રેખાઓનો લય, એની કુમાશ અને બળકટતા, એમાંથી પ્રગટેલા મોર, પોપટ, હાથી આપણને અચંબિત કરે છે. લોકકળાકારોએ મોરનાં કેટકેટલાં ને કેવાં કલ્પનાસભર રૂપો પ્રગટાવ્યાં છે એનો તો અલગ અભ્યાસ થઈ શકે એમ છે.

બે હજાર એકમાં અનિલ રેલિયાએ મુખ્યત્વે લોકકળાને કેન્દ્રમાં રાખી જ્યોતિ ભટ્ટની છબિઓનો સરસ સમ્પુટ પ્રગટ કર્યો છે. એ પછી, ગત વર્ષે વિવેક દેસાઈએ ‘ધ ઇનર આય ઍન્ડ ધ આઉટર આય’ ગ્રંથમાં જ્યોતિભાઈના દસ્તાવેજીકરણમાંથી મહત્ત્વની રસપ્રદ છબિઓના અનન્ય સંચયનું સમ્પાદન કર્યું છે. આ સંચય લોકકળા કેન્દ્રમાં છે. વૈવિધ્યસભર ગ્રામજીવનની, ઉત્સવોની, પરમ્પરાઓની, વ્યક્તિછબિની, પ્રાણીઓ અને સ્થળવિશેષોની, દીવાલ પરનાં પોસ્ટરો, લખાણોની આસપાસના મનુષ્યો ને પ્રાણીઓને કારણે પ્રગટતા વિશેષ અર્થની છબિઓ આસ્વાદતા ભાવકોને દૃશ્યાત્મક ઇતિહાસનો ખજાનો પ્રાપ્ત થાય છે.

સગવડો તો છેલ્લા દાયકામાં વધી છે, કિન્તુ જ્યારે આવાગમનની ઓછી વ્યવસ્થા હતી ત્યારે ખાધાપીધા વગર, મુશ્કેલીઓ વેઠી, માઈલો સુધીની રઝળપાટ કરી જ્યોતિભાઈએ ખેંચેલી પ્રત્યેક તસવીર આપણી સામે એક નહીં અનેક કથાઓ રજૂ કરે છે. હા, જરૂર છે એને ધીરજપૂર્વક જોવા-સાંભળવાની.

એક છબિમાં મેળામાંથી ખુલ્લે પગે આનંદથી ઘેર પાછાં ફરતાં બે આહિર બાળકોમાંથી એક પિપૂડી વગાડે છે. છબિકારે જરા ઝડપી ચાલે જતાં બાળકોની ગતિ ઝીણવટપૂર્વક પકડી છે. એથી છબિ વધુ જીવન્ત બની છે. બાળકોનાં વસ્ત્રો તરફ પણ આપણું ધ્યાન

જાય જ. વધારે ધ્યાનથી જોઈએ : પિપૂડી વગાડતો છોકરો પ્લાસ્ટિકનાં ગૉગલ્સ ઠઠાડી ઠાઠથી ચાલે છે. અહીં બાળકના આનંદ, વિસ્મયની સાથે જ ખબર ન પડે એમ થતું શહેરનું આક્રમણ પણ સૂચવાય છે.



બીજી એક તસવીરમાં તળાવકિનારે એક સ્ત્રી સ્નાન કરી રહી છે. તસવીરની જમણી તરફની ખાલી જગામાં બેઠા ઘાટનો ચકચકતો લોટો પોતાની અનિવાર્યતા સિદ્ધ કરે છે. સ્નાનમાં મસ્ત સ્ત્રીની સહજ મુદ્રા ભાવકને જરાય ઉશ્કેરતી નથી. છબિકારે તેના વાળ, વાંસા ને શરીરના અન્ય ભાગેથી સરકી રહેલાં પાણીની તથા ટીપાંની ગતિ ચાક્ષુષ કરાવી છે.

ઓરિસાની એક છબિમાં પશુ બાંધવાની ને ચારો રાખવાની કોઢના અંધારભર્યા અવકાશની પાર્શ્વભૂ આગળ માત્ર સફેદ લૂગડું વીંટાળી ડોશીમા બેઠાં છે. ડોશીમાની પાછળની બંને બાજુની ભીંત પર ચૂનાથી કે ખડીથી મોર ચીતર્યા છે. એક ઝાડ પરથી પગ સંકોરી પંખી ઊડવાનું શરૂ કરે છે. કોઢમાં જવાના ઉંબરાની નજીક પ્રસન્નચિત્તે બોખું હાસ્ય વેરતાં ડોશીમા ખૂબ વ્હાલાં લાગે છે. ગરીબી, અછતમાં પણ આવી પ્રસન્નતા આપણને નોખી દિશા ચીંધે છે.

વ્યક્તિકેન્દ્રી તસવીરો(પૉર્ટ્રેટ)માં કળાકાર ભૂપેન ખખ્ખરની તસવીર અનેક રીતે ધ્યાનાર્હ છે. ચા પીતી વેળા જમણા હાથની પ્રથમ બે આંગળીમાં સિગારેટ છે. ડાબે હાથે પકડેલી રકાબીને જમણા હાથની ત્રીજી આંગળી ને અંગૂઠાનો ટેકો છે. રકાબીને હોઠ લાગેલા છે. આંખો બીજા વિચારમાં છે એવું ધ્યાનથી જોતાં લાગે છે. આ શ્વેત-શ્યામ છબિમાં કપાળ, નાક, રકાબી ને હાથ પર પ્રકાશ પડે છે. રકાબીની નીચેથી જરાક દેખાતું ચોકડીવાળું ખમીસ પણ તસવીરની વિશેષતામાં વધારો કરે છે.





બે કુરકુરિયાંને બાથમાં લઈ બેઠેલી વૃદ્ધા, ફાળિયું ઉતારી, પાટલી પર રોટલાનાં અડધિયાં મૂકી સામેના વાડકામાંથી ખાતા પ્રૌઢ, લદ્દાખનું કબ્રસ્તાન, ઉનાળામાં પગને તળિયે ખાખરાના પાન બાંધી ઊભેલી સ્ત્રીના પગનો ક્લોઝઅપ, આંખના ઑપરેશનવાળી બે સ્ત્રીઓ, ગૉગલ્સ પહેરેલી વૃદ્ધા અને જુદી જુદી દિશામાં ને મુદ્રામાં બેઠેલા પુરુષો – આ બધી છબિઓ ચિત્તમાં રણક્યા કરે છે.

જ્યોતિ ભટ્ટનાં પત્ની જ્યોત્સ્ના ભટ્ટ જાણીતાં સિરામિક્સ કળાકાર છે.

આવા જ્યોતિભાઈ પ્રમાણમાં ઓછું બોલે છે. બોલે છે ત્યારે એમની વાતોમાંથી નર્મ-મર્મ સહજ રીતે પ્રગટે છે. ખુલ્લા મનના જ્યોતિભાઈને અને કવિ-કળાકાર ગુલામમોહમદ શેખને ગુજરાતની કોઈ યુનિવર્સિટીએ માનદ્ ડી.લિટ્.થી નથી પોંખ્યા, પણ જોડા સાંકો પરિસરમાં કાર્યરત રવીન્દ્ર ભારતી યુનિવર્સિટીએ માનદ્ ડી.લિટ્.થી સન્માન્યા છે, બસ એટલું જ.

**– જયદેવ શુક્લ**

---

**(છઠ્ઠા પાનાનું ચાલુ)**

શ્રેણિકભાઈનાં અનેક પાસાં છે. સવાલ એ જાગે કે એ ધનાઢ્ય પરિવારના શ્રેષ્ઠી હતા કે પછી આંતરસમૃદ્ધિથી છલોછલ ભરેલા સંત હતા ! દૃષ્ટાંતરૂપ નમ્રતા, પ્રામાણિકતા અને નિખાલસતા ધરાવતા શ્રેણિકભાઈની શ્રીમંતાઈ એમની નમ્રતાને સહેજે ઝાંખી કરી શકી નહોતી. સમાજ પ્રત્યેની એમની ચાહના પર ક્યારેય અંગત માન-મરતબો પ્રભાવ જમાવી શક્યાં નહીં. પોતાને કાજે ઓછામાં ઓછું અને પારકાને કાજે સઘળું, એવી ભાવના ધરાવનારે ન્યૂનતમ જરૂરિયાતોથી સાત્ત્વિક જીવન વ્યતીત કરીને ઉત્કૃષ્ટ નીતિમત્તા અને ઉચ્ચ મૂલ્યો સાથે જીવનનાં અનેક ક્ષેત્રોને ઉજાસ પૂરો પાડ્યો.

શિક્ષણની સંસ્થા હોય કે ઉદ્યોગનું સુકાન હોય, સામાજિક ઉત્થાનનું કાર્ય હોય કે પછી ધર્મ સંસ્થાઓની આગેવાની હોય – આવાં તદ્દન વિભિન્ન ક્ષેત્રોમાં એમની પ્રતિભાએ અપૂર્વ સાતત્યથી કાર્ય કર્યું. ક્ષેત્ર જુદું હોય, એના પડકાર સર્વથા ભિન્ન હોય, સંજોગો અને પરિસ્થિતિ સાવ નોખાં હોય તેમ છતાં નીતિ, સચ્ચાઈ અને સ્નેહના પોતીકા માર્ગે ચાલીને એમણે સંસ્થાઓને ઉમદા રાહબરીનો આદર્શ આપ્યો.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટને એમની આવી ઉમદા રાહબરીનો લાભ પ્રાપ્ત થયો એ આ સંસ્થાનું કેટલું મોટું સદ્ભાગ્ય કહેવાય !

**– કુમારપાળ દેસાઈ**

# પાટણની રાણકી વાવને વૈશ્વિક ધરોહરનો દરજ્જો

ગુજરાત રાજ્ય તેની હજારો વર્ષ જૂની કલા અને સંસ્કૃતિને કારણે દેશનાં અન્ય રાજ્યો કરતાં નોખું તરી આવે છે. આ પ્રદેશમાં બંધાયેલાં મંદિરો, સ્તૂપ, કિલ્લાઓ, મહેલો, મસ્જિદો, મકબરાઓ, જળાશયો કલાના બેનમૂન નમૂના છે. આ બધાંમાં જળાશય-સ્થાપત્યના નિર્માણમાં તો ગુજરાતે ઉન્નત શિખરો સર કર્યાં છે. લોથલના વહાણ લાંગરવાના ધક્કા(lock gate)થી માંડીને નર્મદાબંધ અને સાબરમતી રિવરફ્રન્ટ એ ગુજરાતના જળાશય-સ્થાપત્યના વિકાસની કેડી કંડારે છે. ખેતી માટે અને પીવાના પાણીનો સંગ્રહ કરવા માટે વાવ, કૂવા, કુંડ અને તળાવ જેવાં સ્થાપત્યોનું નિર્માણ થયું. એમાંયે કલાનાં ઉત્તમ અંશો ધરાવતી અને પરાક્રમી સોલંકી રાજા ભીમદેવ ૧લા(ઈ. સ. ૧૦૨૨થી ઈ. સ. ૧૦૬૪)ની રાણી ઉદયમતીએ બંધાવેલી પાટણની વાવ ભારતીય ભૂમિગત સ્થાપત્યનો ઉત્તમ નમૂનો છે. ૧૧મી સદીમાં બંધાયેલી આ વાવ સરસ્વતી નદીમાં થયેલા ભૌગોલિક ફેરફારને કારણે આવેલા પૂરથી દટાઈ ગઈ હતી અને તેના ઉપરના પ્રથમ બે મજલા જ વર્ષો સુધી દૃશ્યમાન હતા. ઈ. સ. ૧૯૮૫–૮૬માં ભારતીય પુરાતત્ત્વ ખાતા દ્વારા થયેલા ઉત્ખનનમાં તેના નીચેના અન્ય પાંચ મજલા પણ મળી આવ્યા. તે પછી વાવની નયનરમ્ય અને આકર્ષક શિલ્પકલા તથા કોતરણીએ મોટી સંખ્યામાં પ્રવાસીઓને આકર્ષ્યા. ગયા વર્ષે ફેબ્રુઆરીમાં ભારતીય પુરાતત્ત્વ ખાતાએ યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજની યાદીમાં ઉમેદવારી માટે આ વાવનું નામ નોંધાવ્યું હતું. પાટણના ઇતિહાસપ્રેમીઓ તેમ જ જાગ્રત નાગરિકો દ્વારા પુરાતત્ત્વ ખાતાને અનેક વાર આ વાવને વૈશ્વિક ધરોહરનો દરજ્જો મળે તે માટે રજૂઆત કરવામાં આવી હતી. કતારમાં દોહા ખાતે આયોજિત વર્લ્ડ હેરિટેજ કમિટી સેશનમાં યુનેસ્કોએ તા. ૨૨ જૂન,



૨૦૧૪ના રોજ પાટણની રાણકી વાવને વર્લ્ડ હેરિટેજ સાઇટ તરીકે માન્યતા આપી છે. આ આનંદદાયક સમાચારે ગુજરાતના કલાવારસાને આંતરરાષ્ટ્રીય માન્યતાની મહોર લગાવી છે. આ અગાઉ ગુજરાતના ચાંપાનેર અને પાવાગઢનાં સ્થાપત્યકીય સ્મારકોને પણ વર્લ્ડ હેરિટેજનો દરજ્જો આપવામાં આવ્યો હતો. ભારતમાં વર્લ્ડ હેરિટેજનાં ૩૦ સ્થળો છે જેમાં રાણકી વાવનો ઉમેરો થતાં હવે આવાં ૩૧ સ્થળો થયાં છે. એક જ સ્થળે વિશાળ જથ્થામાં ભૂગર્ભ જળને સાચવવાની ખાસિયતને કારણે યુનેસ્કોની સમિતિ દ્વારા રાણકી વાવને સ્થાપત્યના ઉત્તમ નમૂના તરીકે જાહેર કરવામાં આવી છે. વાવના વૉટર મૅનેજમેન્ટના મુદ્દાને પણ ધ્યાનમાં રાખવામાં આવ્યો હતો. યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ કમિટીએ પણ આ વાવની મુલાકાત લઈ તેના રિપોર્ટમાં જણાવ્યું હતું કે, 'રાણકી વાવ માત્ર તેના સ્થાપત્ય, પાણીનો સ્રોત પ્રાપ્ત કરવા, માળખાકીય કારીગરી માટે જ નહીં, પરંતુ તેના સ્થાપત્યની બેનમૂન કારીગરીથી વિશેષ પ્રભાવિત કરે છે. મોટા ભાગનું તેનું માળખું અને તેની નકશીકામવાળી પૅનલો હજુ પણ યથાવત્ જળવાઈ રહી છે તે આ ઐતિહાસિક સ્થાપત્યકલાની જાળવણીનું એક ઉત્તમ ઉદાહરણ છે.

ગુજરાતમાં સૈંકડોની સંખ્યામાં વાવો બંધાઈ છે. મોટા ભાગની પ્રતિષ્ઠિત અને જાણીતી વાવોનું નિર્માણકાર્ય સ્ત્રીઓ દ્વારા થયું છે. જેમ કે મધ્યકાલીન ગુજરાતની અડાલજની વાવ બાઈ રુડાદેએ પોતાના મૃત પતિના પુણ્યાર્થે બંધાવી હતી. જ્યારે અમદાવાદની દદ્દા હરિની વાવ (જેને લોકો દાદા હરિની વાવ કહે છે જે ખોટું છે) મહમૂદ બેગડાના રાજદરબારની હરિર નામની સ્ત્રીએ બંધાવી હતી. તે જ રીતે પાટણની રાણીની વાવ સોલંકી રાજા ભીમદેવ ૧લાની રાણી ઉદયમતીએ બંધાવી હતી. આ વાવ જમીનની નીચે ૨૭ મીટર ઊંડે સાત માળની બનેલી છે. તેની લંબાઈ ૬૪ મીટર અને પહોળાઈ ૨૦ મીટર છે. વાસ્તુગ્રંથોમાં વાવના પ્રકારોની ચર્ચા કરવામાં આવી છે. વાવનું મુખ (પ્રવેશ) અને તેના મજલાને આધારે વાવનો પ્રકાર નક્કી થાય છે; પરંતુ આ વાવનો મજલાઓવાળો ભાગ જ જળવાઈ રહ્યો છે અને મુખ(પ્રવેશ)નો ભાગ હયાત ન હોવાથી વાવ નંદા, ભદ્રા, જયા કે વિજયા પ્રકારની છે તે કહી શકાય તેમ નથી. સાત મજલા ધરાવતી આ વાવમાં ૩૪૦ સ્તંભો અને લગભગ ૪૦૦ જેટલી વિશાળ પૂર્ણ કદની પ્રતિમાઓ આવેલી છે. મજલાના સ્તંભો, સ્તંભોની શિરાવટીઓ, કુંભીઓ, સ્તંભો પરનાં પાટડાં, પડખેની દીવાલો, વાવના અંતે આવેલ કૂવાની દીવાલ એમ વાવના એક એક ભાગ ચારુ-શિલ્પો અને કોતરણીથી શોભાયમાન છે. શિલ્પના વિષયોનું વૈવિધ્ય પાર વિનાનું છે. ધાર્મિક, બિન-ધાર્મિક અને સુશોભનાત્મક શિલ્પો છે. ધાર્મિક શિલ્પોમાં વૈષ્ણવ અને શૈવ સંપ્રદાયનાં શિલ્પો દૃષ્ટિગોચર થાય છે. વૈષ્ણવ શિલ્પોમાં ભગવાન વિષ્ણુના દશાવતારનાં શિલ્પો પ્રાધાન્ય ભોગવે છે. ત્રિભંગીમાં ઊભેલા વરાહરૂપ

ભગવાન વિષ્ણુએ દંતશૂળથી ધારણ કરેલ પૃથ્વીદેવીનું શિલ્પ અને અશ્વારૂઢ કલ્કિ અવતારનું શિલ્પ આકર્ષક છે. કૂવાની પશ્ચિમની દીવાલમાં દરેક માળે શેષશાયી વિષ્ણુનાં શિલ્પો છે. શૈવ શિલ્પોમાં પાર્વતીની આઠ પ્રતિમાઓ જોવા મળે છે. તેમાં ડાબા પગ પર ઊભા રહીને પંચાગ્નિ તપ કરતાં પાર્વતીની પ્રતિમા દર્શકને તપમય જીવન જીવવાનો નિર્દેશ કરે છે. અતિભંગમાં ૨૦ હાથ ધરાવતા મહિષાસુર મર્દિનીની પ્રતિમા દેવી શક્તિની પ્રતીતિ કરાવે છે. શૃંગારકન્યાઓ, અપ્સરાઓ અને યોગિનીઓનાં શિલ્પો જોતાં તત્કાલીન નારી-સૌંદર્યની વિભાવનાનાં દર્શન થાય છે. નિર્વસ્ત્ર કે આછાં વસ્ત્રધારી આ શિલ્પો જોતાં ક્યાંય અશ્લીલતાનો ભાવ ઉદ્ભવતો નથી. ભારતીય નારી-સૌંદર્યના માપદંડને જાણવા-સમજવા આ શિલ્પો ઘણાં મહત્ત્વનાં છે. સૌથી નીચેના મજલે કૂવા તરફ જતાં ઉત્તરની દીવાલના એક ગવાક્ષમાં સદ્યસ્નાતાનું એક સુંદર શિલ્પ આવેલું છે. સ્નાન પૂરું કરીને એક સ્ત્રી વાળ નીચોવી પાણી નિતારી રહી છે. વાળમાંથી નીચે ટપકતાં પાણીનાં ટીપાંઓને નીચે ચાંચ પહોળી કરીને ઊભેલ હંસ મોતી માનીને ઝીલવા જાય છે. કવિ કલ્પનાની પાષાણમાં સાકાર રજૂઆતનો આ ઉત્તમ નમૂનો છે. આમ શિલ્પ-સ્થાપત્યની દૃષ્ટિએ મહત્તા ધરાવતી આ વાવને યુનેસ્કોએ વર્લ્ડ હેરિટેજમાં સ્થાન આપીને પ્રવાસન વિશ્વ સાથે વૈશ્વિક વિરાસતના નકશે ગુજરાતનું એક વધુ રત્ન ઝળકાવ્યું છે એમ કહીને ગુજરાતનાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રી આનંદીબહેન પટેલે આનંદ વ્યક્ત કર્યો છે. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ પણ ટ્વીટ કર્યું છે કે, તમારે ગુજરાતની મુલાકાત લેવી જોઈએ, તમારે આપણી મહાન કલા અને સંસ્કૃતિના ઉત્તમ પ્રતીક એવા રાણકી વાવની મુલાકાત લેવી જોઈએ.' એમ કહીને પોતાની ખુશી વ્યક્ત કરી છે. આ વાવને વૈશ્વિક ધરોહરમાં સ્થાન મળ્યું છે ત્યારે તંત્રની પણ જવાબદારી છે કે સારા વ્યવસ્થિત માર્ગો, સ્વચ્છતા, પાણીની સગવડ, અવર-જવરનાં સાધનો, માર્ગદર્શન પ્રવાસીઓને મળે રહે. ગુજરાતની અસ્મિતાનાં પગરણ સોલંકીકાલીન અણહીલવાડ પાટણથી શરૂ થયાં હતાં અને એ કાળના સ્થાપત્ય–રાણકી વાવ દ્વારા ગુજરાતની એ અસ્મિતા આંતરરાષ્ટ્રીય સીમાડા સુધી પહોંચી છે.

– થૉમસ પરમાર

### વાચકમિત્રોને

છેલ્લાં પંદર વર્ષથી 'વિશ્વવિહાર' આપને મળે છે. આપને તે રુચ્યું હોય અને ઉપયોગી લાગ્યું હોય તો તેનું વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦નું મ. ઓ. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, રમેશપાર્કની બાજુમાં, ઉસ્માનપુરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૩ – એ સરનામે મોકલશો. બે, ત્રણ, ચાર કે પાંચ વર્ષનું લવાજમ પણ એકસાથે ભરી શકાશે. ડ્રાફ્ટ **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામનો મોકલવો. ❐





## જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

◈ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની **શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી**ના ઉપક્રમે જુલાઈ મહિનામાં નીચે મુજબ બે વ્યાખ્યાનો સાંજે **પાંચ વાગ્યે** શ્રી હીરાલાલ ભગવતી સભાગૃહમાં યોજવામાં આવ્યાં છે :

**૨૩ જુલાઈ ૨૦૧૪, બુધવાર** : વિષય : ચારણી કથા-પ્રસંગોનું પ્રસ્તુતીકરણ
વક્તા : શ્રી યોગેશ ગઢવી
(શ્રી ઝવેરચંદ મેઘાણી લોક-સાહિત્યના ઉપક્રમે)

**૩૦ જુલાઈ ૨૦૧૪, બુધવાર** : વિષય : બ્રહ્માંડ : સમયનું સૂક્ષ્મ અને દીર્ઘ માપ
વક્તા : શ્રી વિહારી છાયા
ડૉ. સુબોધ ઝવેરીના 'બ્રહ્માંડ : એક રહસ્ય અને આધુનિક વિજ્ઞાન' પુસ્તકનું વિમોચન

## લલિતકલાકેન્દ્ર

◈ **૧૦ જુલાઈ ૨૦૧૪, ગુરુવાર, સાંજના ૫-૩૦ :**

ગુજરાતના પ્રસિદ્ધ ચિત્રકાર અને છબીકાર જ્યોતિ ભટ્ટનું 'મારી કલાયાત્રા' વિશે વ્યાખ્યાન અને પાવર પૉઇન્ટ પ્રેઝન્ટેશન તેમજ શ્રી અમિત અંબાલાલ અને શ્રી અનિલ રેલિયા દ્વારા શ્રી જ્યોતિ ભટ્ટનાં ચિત્રોનાં પ્રદર્શનનું ઉદ્ઘાટન.

## શ્રી જીવન-ઉત્કર્ષ વ્યાખ્યાનશ્રેણી

◈ **૧૨ જુલાઈ, ૨૦૧૪ શનિવાર, સાંજના ૫-૩૦ :**

શ્રી મનસુખભાઈ મેદાણીના સહયોગથી ડૉ. પ્રતિભા આઠવલેનું 'પડકાર પૂર્વાંચલનો અને સાદ સેવાનો' એ વિષય પર પાવર- પૉઇન્ટ પ્રેઝન્ટેશન સાથે પ્રસ્તુતિ. ભારતના અરુણાચલ, મેઘાલય, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, નાગાલૅન્ડ જેવા પ્રદેશોમાં અમદાવાદના ડેન્ટલ સર્જને કરેલા અનોખા સેવાયજ્ઞની વાત.

## અન્ય

◈ **૨૬-૨૭ જુલાઈ, શનિવાર-રવિવાર,** થિયેટર મીડિયા સેન્ટર અને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ઉપક્રમે ભરત નાટ્યશાસ્ત્ર અને સંસ્કૃત થિયેટરના નિષ્ણાત પ્રો. ગોવર્ધન પંચાલના જન્મશતાબ્દી વર્ષના સમાપન પ્રસંગે બે દિવસના કાર્યક્રમનું આયોજન, જેમાં સંસ્કૃત નાટ્ય અને ભવાઈ વિશેની પ્રો. ગોવર્ધન પંચાલની વિભાવના અંગે વિદ્વાનો અને રંગકર્મીઓ દ્વારા પરિસંવાદ તથા એમના જીવન અને કાર્ય વિશે હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં ત્રણ પુસ્તકો ('શ્રી ગોવર્ધન પંચાલ સ્મૃતિવંદના')નું વિમોચન.

'ઘડપણ કોણે મોકલ્યું ?'
વિશે બી.સી. પટેલ





'વાળની સમસ્યા અને તેના ઉપાયો'
વિશે ડૉ. મૃણાલ શાહ

'વિનોદની નજરે — આ દુનિયા'
વિશે વિનોદ ભટ્ટ





'દર્શક : સંસ્થા-કાર્યકરોના ઘડતરનો કસબ'
વિશે અરુણ દવે



કવિ રાજેન્દ્ર શુક્લનું પોર્ટ્રેટ કરતાં
પ્રસિદ્ધ ચિત્રકાર મનહર કાપડિયા

RNI No. GUJGUJ/1998/4459. Permitted to post at Ahd PSO
On 5th every month under postal Regd. No. GAMC 1375
2012-14 Issued by SSP Ahmedabad-9 Valid Upto 31-12-2014

ISSN 2321 6999

દર માસની ૫મી તારીખે પ્રકાશિત



# ગુજરાતી વિશ્વકોશ ગ્રંથશ્રેણી

ગુજરાતી ભાષા, સાહિત્ય અને એની અસ્મિતાને ઉજાગર કરતી દરેક સંસ્થા, ગ્રંથાલય અને વ્યક્તિએ વસાવવા જેવી

૧૦૦૦ પાનાંનો એક એવા ૧ થી ૨૫ ગ્રંથો ('અ' થી 'હ' સુધી)માં ૧,૭૦૦ થી વધુ વિદ્વાનો અને લેખકોએ લખેલાં ૧૬૯ વિષયના ૨૩,૦૦૦થી વધુ લખાણોનો સમાવેશ.

સવા કરોડથી વધુ શબ્દસંખ્યા અને અદ્યતન માહિતી ધરાવતો પ્રમાણભૂત વિશાળ જ્ઞાનસંચય.

વિવિધરંગી વાચનસામગ્રી ધરાવતાં ગ્રંથ ૧ થી ૨૫ સુધીની

આ શ્રેણીની કિંમત રૂ. ૨૦,૮૦૦/- છે, જે રૂ. ૧૫,૬૦૦/- માં મળશે



**મુખ્ય વિક્રેતા અને પ્રાપ્તિસ્થાન**

ગૂર્જર એજન્સીઝ, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન : ૨૨૧૪૪૬૬૩, ૨૨૧૪૯૬૬૦



ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ